R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 12 DATE: 25-03-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## દેશમાં ચાલતી નકલી યુનીવરસીટીઓ અને કોલેજો પરવાનગી વગર ચાલે છે તેનાથી દેશના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભવિષ્ય રોળાય છે

તાજેતરમાં સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થયેલા સમાચારોમાં દેશમાં ૨૩ યુનીવરસીટીઓ અને ૨૭૯ ટેકનીકલ સંસ્થાઓ નકલી છે તેમ જાહેર થયું છે.જેમાં માત્ર એકલા દિલ્હીમાં જ આવી ૬૬ કોલેજો અને સાત યુનીવરસીટીઓ છે.તેલંગાણા,ઉત્તરપ્રદેશ,પશ્ચિમ બંગાળ,અને મહારાષ્ટ્રમાં મોટી સંખ્યામાં આવી નકલી સંસ્થાઓ છે.આ સંસ્થાઓ એન્જીનીયરીંગ તેમજ અન્ય ટેકનીકલ કોર્સિસ ઓફર કરે છે પણ તેમને રેગ્યુલેટર તરફથી માન્યતા મળી નથી એટલે કે આ સંસ્થાઓને ડીગ્રી પ્રદાન કરવાનો અધિકાર નથી.

યુજીસી અને ઓલ ઈન્ડીયા કાઉન્સીલ ફોર ટેકનિકલ એજયુકેશન ગત મહિને વેબસાઈટ્સ પર નકલી શૈક્ષણિક સંસ્થાઓની યાદી મુકી હતી અને નવા શૈક્ષણિક સત્ર માટે વિદ્યાર્થીઓને ચેતવ્યા હતા. માનવ સંશાધન વિકાસ રાજ્યમંત્રી મહેન્દ્ર નાથ પાંડેએ હાલમાં જ કહ્યુ હતું કે મંત્રાલયોએ રાજ્યોને નકલી યુનીવરસીટીઓની તપાસ કરાવવા અને તેમની વિરુધ્ધ ફરિયાદો નોધાવવાનો નિર્દેશ આપ્યો છે.નકલી યુનીવરસીટીઓ અને ટેકનિકલ સંસ્થાઓની વિગત યુજીસી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.નકલી યુનીવરસીટીઓ,કોલેજ કે અન્ય ટેકનીકલ શિક્ષણ સંસ્થાઓ ચાલવા અને ચલાવવા પાછળ રાજકારણીઓનો મજબુત હાથ હોય છે. પરિણામે તેમની વિરુધ્ધ કોઈ કાર્યવાહી થઈ શકતી નથી. પરિણામે વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળાય છે. તાજેતરમાં ગુજરાતમા મેડીકલ ક્ષેત્રે ચાલતા ધુપ્પલો બહાર આવતાં અનેક રાજકારણીઓના હાથ હોવાનુ મનાઈ રહ્યું છે. ભણ્યા વિના બારોબાર ડોકટર બનાવી દેવાની થતી સાજીસ સમાજ માટે ખતરા રુપ છે. આવા ડોકટરો દર્દીઓનું ભલું કેવી રીતે કરી શકશે ?માત્ર માત-પિતા ડોકટર હોવાને નાતે તેને ગમે તેમ કરીને ડોકટર બનાવી દેવાનું ષડયંત્ર કેટલે અંશે વ્યાજબી છે. આ બધુ કરનારા સમાજના ઉજળા વર્ગના લોકો છે તે સમાજને શું આર્દશ આપી શકવાના છે.

## ઓસ્ટ્રેલીયામાં ભારતીય પાદરી પર હુમલો

વિદેશોમાં ભારતીય મુળના લોકો પર થઈ રહેલા હુમલા રોકાવાનું નામ નથી લેતા. અમેરિકામાં ભારતીય મુળના એન્જીનીયરની હત્યા પછી ઓસ્ટ્રેલીયામાં પણ વંશીય હિંસાનો નવો કેસ સામે આવ્યો છે. રાજધાની મેલબોર્નના એક ચર્ચમાં ભારતીય સમુદાયના એક કેથલિક પાદરીના ગળા પર ચાકુથી હુમલો કરાયો હતો.હુમલાખોર પાદરી ભારતીય હોવાતી કહ્યુ કે તે પ્રાર્થના કરાવવા અયોગ્ય છે. આ હુમલાને વંશીય હુમલો માનવામાં આવે છે.

ઘટનાની મળતી માહિતી મુજબ ફોકનર ખાતેના સેન્ટ મેથ્યુ પેરિસ ચર્ચમાં ઈટાલી ભાષામાં યોજાયેલી પ્રાર્થનાસભામાં એક વ્યક્તિ ફાધર ટોમી કાલાથુર મેથ્યુ(૪૮) પાસે આવી હતી. સ્થાનિક મીડીયાના અહેવાલ મુજબ એવું માનવામાં આવે છે કે આરોપીએ પાદરીને એવું કહ્યુ કે તે ભારતીય હોવાતી હિંદુ હશે કે મુસલમાન હશે તેથી તે પ્રાર્થના કરાવવા યોગ્યતા ધરાવતો નથી. જો પાદરીના ગળા ઉપર હુમલાખોરે ખંજરથી હુમલો કર્યો હતો.હાલમાં પાદરી હોસ્પીટલમાં સારવાર હેઠળ છે ્ને તેમના જીવને કોઈ જોખમ નથી.કેથલિક ચર્ચના પ્રવક્તા શેન હીલેએ કહ્યુ હતું કે લોકો સાથે આ રીતનો વ્યવહાર ના થવો જોઈએ આ વ્યક્તિ નોધપાત્ર કામ કરી રહી છે.

## પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફ સામે ઇશ્વરનિંદાના આરોપનો ફતવો જારી કરાયો

હિન્દુઓના તહેવાર હોળી નિમિત્તે પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે એક આયોજિત કાર્યક્રમમાં કથિત રીતે ઈસ્લામની વિરુધ્ધ બોલવા માટે એક મૌલવીએ નવાઝ શરીફને કાફિર જાહેર કરી દીધા છે.પાકિસ્તાનની રાજકીય અને સામાજિક પરિસ્થિતિઓને જોતાં નવાઝ શરીફ દ્વારા હોળી પર આપવામાં આવેલા ભાષણને કેટલીક રીતે ઐતિહાસિક માનવામાં આવી રહ્યું છે.તેમણે પોતાના ભાષણમાં સહિષ્ણુતા,ધાર્મિક સદભાવ અને શાંતિથી હળીમળીને રહેવાની વકીલાત કરી હતી. આ સમારોહમાં ગાયત્રી મંત્રનું પણ પઠન કરાયું હતું.નવાઝે આ અવસરે હાજર હિન્દુઓને હોળીની શુભકામનાઓ પાઠવી હતી. તેમજ દોસ્તાના પ્રવચન આપ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે બે વર્ષ પહેલાં તમે અમારા થઈ ગયા અને હું તમારો થઈગયો હતો. આજે અમારા આ સબંધો વધુ મજબુત બની ગયા છે.આ જ ભાષણને કારણે નવાઝ શરીફ કટ્ટરપંથીઓના નિશાન પર આવી ગયા છે. પાકિસ્તાનના અખબાર ડેઈલી પાકિસ્તાન ગ્લોબલ માં છપાયેલા અહેવાલ મુજબ એક ધાર્મિક ઉપદેશ આપવા દરમિયાન અલ્લામાં અશરફ જલાલીએ કહ્યુ કે પીએમ નવાઝ શરીફ ઈસ્લામની સામે જ ઈશ્વરનિંદા જ નથી કરી પરંતુ તેમણે પાકિસ્તાનની સ્થાપનાના મુળ સિધ્ધાંન્તોનું પણ અપમાન કર્યુ છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## સરકાર રાજ્યસભામાં બહુમતી થયા બાદ કાયદો ઘડીને અયોધ્યામાં રામમંદિર બનાવશે : સુબ્રમણ્યમ સ્વામી



રામમંદિર બાબરી મસ્જીદ મુદ્દે સુપ્રીમ કોર્ટે તમામ પક્ષકારોને વાતચીતથી ઉકેલ લાવવા સલાહ આપી છે.આવા સંજોગોમાં ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ વિવાદાસ્પદ ટ્વિટ કરીને કહ્યુ હતું કે મુસ્લીમો સરયુ નદીને પાર મસ્જીદ બનાવવાની ઓફર સ્વીકારે અન્યથા ૨૦૧૮માં રાજ્યસભામાં ભાજપની બહુમતી થયા પછી સરકાર દ્વારા કાયદો ઘડીને અયોધ્યામાં રામમંદરિ બનાવામાં આવશે.

સ્વામીએ એક બીજી ટ્વીટમાં લખ્યુ હતું કે ૧૯૯૪માં સુપ્રીમ કોર્ટ જે હિસ્સાને રામજન્મભુમિ જાહેર કરી છે ત્યાં હાલ રામલલા વિરાજમાન છે અન તેમની રોજ પુજા કરાઈ રહી છે. શું આને કોઈ હટાવી શકશે ખરા ?

આ કેસમાં પક્ષકાર હાશિમ અન્સારીના પુત્ર ઈકબાલ અન્સારીના વકીલ એમ.આર.શમસાદે રહ્યુ હતું કે કોઈપણ દિવાની કેસમાં કોર્ટ બહાર સમજુતીથી કેસ ઉકેલવાનો વિકલ્પ રહે છે.પણ જો એવું કહેવામાં આવે કે મસ્જીદ માટે કોઈ અન્ય સ્થળે જમીન લેવામાં આવે તો તેને સમજુતી કહી શકાય નહીં.

હિંદુ મહાસભાના વકીલ હરિશંકર જૈનનું કહેવુ છે કે કેસમાં સમાધાન કરવાની કોઈ વાત કે શક્યતા નથી. કારણ કે જ્યાં રામલલા વિરાજમાન છે તે જમીન દેવતાની માલિકીની હોય છે તેથી દેવતાની જમીન માટે કોઈ વ્યક્તિ કે સંગઠન સમજુતી કરી શકે નહીં.

અયોધ્યા વિવાદ મામલે પક્ષકારોને સુપ્રીમે આપેલી સલાહ અંગે દારુલ ઉલુમ સહિત કેટલાક ઉલેમાએ કહ્યુ હતું કે આ અંગે નિર્ણય લેવાનો અધિકાર મુસ્લીમ પર્સનલ લો બોર્ડને જ છે.હવે આ કેસમાં વાતચીતનો કોઈ અર્થ સરે તેમ નથી. સુપ્રીમ કોર્ટે તેનો ચુકાદો આપવો જોઈએ.દારુલ ઉલમના મુફતી અબુલ કાસિમ નીમાનીએ કહ્યુ કે મુસ્લીમો પર્સનલ લો બોર્ડની સાથે છે.

૧૯૯૨માં બાબરી મસ્જીદ તોડી પાડવાના કેસમાં ભાજપના વિરષ્ઠ નેતા અડવાણી,યુપીના પુર્વ પીએમ કલ્યાણસિંહ,મુરલીમનોહર જોશી, ઉમા ભારતી તેમજ વિનય કટિયાર સહિત ૧૩ નેતાઓ સામે ગુનાહિત કાવતરુ રચવાના કેસમાં વધુ સુનાવણી હવે હાથ ધરાશે.બેન્ચના જસ્ટીસ રોહિગ્ટન ની ગેરહાજરીને કારણે કેસની સુનાવણી મોડી હાથ ધરવાનો નિર્ણય લેવાયો હતો.

જો કે યુપીમાં ભાજપે મેળવેલી બહુમતી પછી અયોધ્યાનો વિવાદ ઉકેલી નાંખવા માટે ચારેબાજુથી ભાજપ ઉપર દબાણ વધતું જવાનું છે.કારણકે ભાજપે ત્રણ દાયકાથી વધારે સમય સુધી આ મુદ્દાને પંપાળીને લોકોની લાગણીઓ સાથે રમીને મતો અંકે કર્યા છે. હવે તેમની પાસે વિકલ્પ રહેતો નથી. હવે જો કોર્ટની બહાર જ ચર્ચા કે સમાધાન કરવાનો જ વિકલ્પ બાકી રહેતો હોય તો હવે આટલા બધા વર્ષો સુધી આ મુદ્દો લટકતો રાખવા માટે કોણ જવાબદાર છે. કોર્ટે પોતાનો નિર્ણય આપવામાં પાછી પાની કરતી નથી પરંતુ આ એક એવો મુદ્દો છે જેને રાજકીય રીતે હલ કરી શકાય.દેશમાં હિદુ બહુમતી અને મુસ્લીમ લઘુમતીઓ વચ્ચે ટકરાવનો મુદ્દો ના બને તે માટે ચર્ચા અને સમાધાન દ્વારા તેનો ઉકેલ લાવવો જરુરી છે તેવુ કોર્ટે સુચવ્યું છે.વડાપ્રધાન અને યુપીના મુખ્યમંત્રી આ મુદ્દાનો ઝડપી ઉકેલ લાવે તે દેશના હિતમાં છે કારણકે વિકાસની ગાડીમાં તેજી લાવવા આવા મુદ્દાઓના રાજકીય ઉકેલ જરુરી છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

રામજન્મ ભુમિ આંદોલન,બાબરી ધ્વંશ બાદ દેશની રાજકીય પરિસ્થિતિમાં આવેલ અનેક પરિવર્તનો.ભાજપે યુપીમાં મેળવેલ અદભુત સફળતા બાદ સુપ્રીમ કોર્ટે જે તારણ કાઢ્યુ અને મંદિર-મસ્જીદનો હલ પરસ્પર ચર્ચા અને સમાધાનથી લાવવા આપેલ સુચનથી આ મુદો ક્યાં અટકશે તેની અટકળો શરુ થઈ છે. રાજકીય રીતે ગરમાવો શરુ થઈ ગયો છે.ભાજપના ગળામાં રામમંદિરનો મુદ્દો ભરાયેલો છે તેમાંથી કઈ રીતે છુટી શકાય જેથી દેશભરમાંથી હિંદુત્વના નામે એકઠા કરેલા મતો અને લાગણીઓને જવાબ આપી શકાય.યુપીમાં જીત બાદ વડાપ્રધાને ચતુરાઈ પુર્વક યોગી આદિત્યનાથને મંદિર મુદ્દાની સળગતી સગડી પર બેસાડી દીધા.જો મામલો ઉકલી જાય તો સ્વાભાવિક પ્રમાણે યશ મોદીને મળે અને દોષ મળે તો તેનો ટોપલો યોગીના માથે ઠલવાશે.યોગીના સક્રિય સહયોગ વગર મંદિરનો મુદ્દો ઉકેલી શકાય તેમ નથી. જો કે આ મુદ્દે ભાજપ,આરએસએસ કે વિશ્વ હિંદુ પરિષદ થોડુ જતું કરીને પણ સમાધાન કરી શકે તેમ નથી. જો કે હવે કેટલું જતું કરવાનું છે તે યોગીને શીરે છે.સુપ્રીમ કોર્ટે સમય અનુસાર પોતાનો મત વ્યક્ત કરી દીધો છે.કોર્ટના આદેશને માનવો તે દરેકની ફરજ બની જાય પરંતુ કોર્ટના આદેશમાં બધુ એક તરફી બને તેવું પણ નથી જેથી કાંઈનેકાંઈ મનદુઃખ ઉભુ રહે. હવે જ્યારે સમાધાનની ફોર્મુલ્યાની વાત આવી છે ત્યારે બેઉ પક્ષોએ કંઈક તો જતુ કરવું પડશે તો જ સમાધાન શક્ય બનશે અન્યથા પરિસ્થિતિ જૈસે થે તેવી જ રહેશે.વડાપ્રધાન કોઈપણ મુદ્દે પોતાની ઈમેજને અસર પહોચે તેવું કરવામાં માનતા નથી તેથી હવે મંદિરનો ભાર યોગીજીના શીરે છે તેમણે સહુને સાથે રાખીને ઉપાય કરવાનો છે.

## મંતવ્ય

ઈસ્લામીક સંગઠનને મળેલા કારમા પરાજય બાદ તેઓ મૌસુલ અને તેની આજુબાજુએથી વેરવિખેર થઈ રહ્યા છે. ઈરાક,સીરીયા વિગેરે દેશોમાં તેમણે નાસી જતી વખતે પણ પોતાનો કારમો કેર વર્તાવાનું ચાલુ રાખ્યુ છે. કેટલીક ઐતિહાસિક ઈમારતોને તેમણે ઉડાવી દીધી છે. પેટ્રોલની રિફાનરીઓ અને કુવાઓમા પણ આગ લગાડીને પોતાનું તાંડવી કૃત્ય દેખાડ્યું છે.હવે આ ત્રાસવાદી સંગઠનો સાથે સંકળાયેલા કેટલાક ત્રાસવાદીઓએ જે રીતે લંડનમાં ટેરર એટેક કર્યો તેનાથી આંતરરાષ્ટ્રીય સમુદાયમાં ભયનો માહોલ ઉભો થયો છે.બહુ આધુનિક શસ્ત્રોનો ઉપયોગ કરવાનો અને કોઈ વ્યાપક હાજરી ધરાવતાં કે આંતરરાષ્ટ્રીય કે સામુદાયિક મહત્વ ધરાવતાં સ્થળો પર હુમલો કરવો આ પેટર્ન પાછળનો ઉદ્દેશ ખુવારીની સાથે તેમની ધાક બેસાડવી છે.લંડનમાં સંસદની આસપાસના વિસ્તારોમા આ હુમલો થયો.ત્રાસવાદીઓની ધારણા સંસદમાં હુમલો કરવાની હતી તે સફળ ના થઈ.લંડન સહિત સમગ્ર બ્રિટન લાંબા સમયથી વિવિધ ત્રાસવાદીઓના હિટલિસ્ટમાં છે.બ્રિટને બહારથી આવતા લોકોને આવકારવામાં ટ્રમ્પ જેવું કરવું પડશે નહિતર ખોટા નામે બહાને ત્રાસવાદીઓ ત્યાં ઘુસી જશે અને આતંક ફેલાવશે.

સંજય પી.પરમાર


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# નેશનલ દલિત ક્રિશ્ચિયન વુમન લીડરશીપ મીટ બેંગલુરુમાં યોજાઇ



નેશનલ દલિત ક્રિશ્ચિયન વુમન લીડરશીપ મીટ બેગલુરુમાં યોજાયું હતું.જેમાં ભારતભરની દલિત ક્રિશ્ચિયન વુમન લીડર્સ ભાગ લીધો હતો.સીબીસીઆઈએ આ મીટનું આયોજન કર્યું હતું.આયોજન નું સ્થળ ઈન્ડીયન સોશ્યલ ઈન્સ્ટીટ્યુટ,બેગલુરુ હતું. ફાધર દેવાસગયારાજ, સેક્રેટરી,સીબીસીઆઈ,ઓફીસ ફોર એસસી/બીસી એ આ મીટ માટે જણાવ્યુ હતું કે પ્રથમવાર દલિત કેથોલિક મહિલા નેતાઓ,રાષ્ટ્રીય સ્તરે એકઠા થયા છે.એકઠા મળેલી મહિલા નેતાઓએ નેશનલ ઓર્ગેનાઈઝેશન કોલ્ડ દલિત ક્રિશ્ચિયન વુમન ફોર ચેઈન્જ માટે ઓફીસ બેરરની ચુંટણી કરી હતી.આ મીટનું પ્રયોજન દલિત ખ્રિસ્તી મહિલાઓ માટેની વાસ્તવિકતાની ચકાસણી કરવા માટે હતી.તેના માટે ચર્ચાઓ કરી અને દલિત ખ્રિસ્તી મહિલાઓ નેતાગીરી માટે સક્ષમ કેવી રીતે બની શકે તે અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી.૪૧ દલિત ખ્રિસ્તી મહિલાઓ દેશના વિવિધ જગ્યાઓ પરથી અહીયા ભાગ લેવા માટે આવી હતી.

# વિદેશોમાં વસી રહેલા ભારતીય નાગરિકોની સુરક્ષા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે : સુષ્મા સ્વરાજ

લોકસભામાં નિવેદન આપતાં સુષમા સ્વરાજે કહ્યુ હતું કે અમેરિકામાં ભારતીય મુળના લોકો પર હુમલા વધી રહ્યા છે તેમી પર નજર રાખી રહ્યા છીએ.તબિયત માટે આરામ પણ લઈ રહી છું.વિદેશી ભુમિ પર ભારતીયો સંકટમાં હશે તો સરકાર ચુપ નહી રહે.વડાપ્રધાન પણ ચુંટણીમાં વ્યસ્ત હોવા છતાં રોજ તેઓ પુછતા હતા કે વિદેશોમાં વસતા ભારતીયો માટે ક્યાં પગલાં લેવાઈ રહ્યા છે.

તેમણે ગયા મહિને કેન્સાસમાં ઘટેલી ગોળીબારની ઘટનાનો ઉલ્લેખ કરતાં જણાવ્યુ હતું કે અમેરિકી રાજકીય નેતૃત્વ તરફથી મળેલા પ્રતિભાવો કહે છે કે ભારતીયોનું અહિત નહી થાય. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે આ હુમલાઓની નિંદા કરી હતી. અમેરિકામાં જે હિંસક ઘટના ઘટી તે મુઠ્ઠીભર લોકોનું કામ છે.ભારતીય નાગરીકોનો જીવ બચાવવા વચ્ચે વડેલા ઈયાન ગિલટ પણ અમેરિકી નાગરીક જ છે.

સુષમાજીએ કહયુ હતું કે વિદેશોમાં વસતા ભારતીયોની સુરક્ષા એ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તે મુદ્દે આપણા દુતાવાસ અમેરિકાના સંપર્કમાં છે.

વિદેશમાં વસી રહેલા ભારતીયોને વિપરીતપણે પ્રભાવિત કરનારી તમામ બાબતો પર સરકારની નજર છે.સંસદમાં આ મુદ્દે થયેલી ચર્ચા દરમિયાન કોંગ્રેસના સાંસદ મલ્લિકાર્જુન ખડગેએ પુછ્યુ હતું કે સરકાર આ મુદ્દે શા માટે મૌન જાળવી રહી છે ? તે પ્રશ્નો જવાબ આપતાં સ્વરાજે કહ્યુ હતું ક વિદેશમાં ભારતીયો સંકટમાં હોય અને સરકાર ચુપકીદી સાધે તે સંભવ નથી.વિદેશમાં વસતા કોઈપણ નાગરિકના પ્રશ્નોનું ૨૪ કલાકમાં નિરાકરણ આવે તે માટે સરકાર ૨૪ કલાક જ હરકતમાં આવતી હોય છે.

જો કે સરકારે અમેરિકાની નવી ઈમીગ્રેશન નીતિના કારણે ગેરકાયદેસર વસવાટ કરતાં અનેક ભારતીયો તકલીફમાં આવે તેવી શક્યતાઓ બાબતે ટ્રમ્પ સરકાર સાથે ચર્ચા કરવી જરુરી છે પરંતુ હાલના તબક્કે આ બાબતે શું કરવું તે નક્કી નથી.જો કે કેટલાક ભારતીય સંગઠનોએ ભારત સરકારનો સંપર્ક કર્યો છે એવું જાણવા મળ્યું છે.

# માયાવતીએ ઇવીએમ મશીનના ગોટાળા અંગે હેન્ડબીલ વહેચ્યાં

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ઈવીએમ મશીનમાં ગોટાળા કરીને ભાજપે વિજય મેળવ્યો છે તેવો આક્ષેપ કરીને બસપાના સુપ્રીમો માયાવતીએ પાર્ટીની બેઠકમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો.તેમણે પાર્ટી બેઠકમાં ઈવીએમ મશીનના ગોટાળા અંગેના હેન્ડબીલો વહેચ્યા હતા.તેમણે આક્ષેપ કરતાં કહ્યુ હતું કે ભાજપે ઈવીએમ મશીનમાં ગોટાળા કરીને યુપીમાં ૩૨૫ સીટો જીતી છે.યુપીમાં બસપાની હારમાટે ના કારણો પર ચર્ચા કરવા લખનોમાં બેઠક મળી હતી.

જો કે માયાવતીએ મુકેલા આક્ષેપોને ચુંટણી પંચે નકારી કાઢ્યો હતો અને માયાવતીના આક્ષેપો બેબુનિયાદ છે તેમ જણાવ્યુ હતું. હવે માયાવતીએ આ બાબતે જેટલી ઝડપથી કોર્ટમાં જાય અને કોર્ટ મારફતે કોઈ નવો ફણગો ફુટે જે તેમની તરફદારી કરી શકે તેમ હોય તો તેમની વાત આગળ ચાલશે નહીતર હવે માયાવતીના બસપાના વળતા પાણી થઈ ગયા છે તેમ માનવું રહ્યું.હજુ સુધી એવા કોઈ નક્કર પુરાવા હાથ લાગ્યા નથી કે જેનાથી ચુંટણીઓના પરિણામો બાબતે તપાસ કરવાનું આયોજન થઈ શકે.


જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

## ઉત્તર પ્રદેશની ચુંટણી પરિણામોથી વિરોધ પક્ષો દિગ્મુઢ : તમામ પોલ ઓપીનીયન ખોટા પડ્યા : ભાજપ મેળવી જ્વલંત અકલ્પનીય સફળતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એક વાર સાબિત કરી દીધું કે તેમનો કરિશ્મા હજુ પણ બેકરાર છે.તેમા જરા પણ ઓટ આવી નથી.નોટબંધીનો મુદ્દો જેને વિપક્ષોએ વધુ ભાર આપ્યો હતો પરંતુ મતદારોએ નોટબંધીના નિર્ણયને મતદાનથી વેગળો રાખી ભાજપને જ્વલંત વિજય અપાવ્યો છે. ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચુંટણીમાં આવેલા પરિણામો આશ્ચર્યજનક છે. માત્ર વિપક્ષો પુરતાં જ નહી પરંતુ ભાજપ માટે પણ અકલ્પનીય છે.દેશના પાંચ રાજ્યોમાં થઈ રહેલી ચુંટણીઓ પૈકી યુપીની ચુંટણી પર સહુ કોઈની નજર હતી. વડાપ્રધાને ખુદ આખા યુપીમાં પ્રચાર કર્યો હતો. ભાજપના મોટાભાગના સાંસદો અને મંત્રીઓ પણ તેમાં જોતરાયા હતા.પ્રચાર વિંગોએ પણ ભરપુર પ્રયત્નો કરીને વિપક્ષોનો સામનો કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો હતો.

યુપીની ચુંટણીનો સમગ્ર ભાર વડાપ્રધાન તેમજ ભાજપના પ્રમુખ અમિત શાહે ઉઠાવ્યો અને ચમત્કાર કરી દેખાડ્યો.રાજકીય પંડિતો માટે આ એક ઉદાહરણ સમાન છે કે ચુંટણીઓ જીતવી હોય તો તે કેવી રીતે જીતી શકાય તેનો અદભુત નમુનો વડાપ્રધાને બતાવ્યો છે.

## સુપ્રીમ કોર્ટે જસ્ટીસ કરનન સામે અવમાનના કેસમાં હાજર ન રહેવા બદલ જામીનપાત્ર વોરંટ ઇસ્યુ કર્યું : કરનને જેઠમલાણીનો ઉગ્ર પત્ર

સુપ્રીમ કોર્ટે કોલકત્તા હાઈકોર્ટના જસ્ટીસ સી.એસ.કરનને અવમાનના કેસમાં કોર્ટમાં હાજર ન થવા બદલ જામીનપાત્ર વોરંટ જારી કર્યુ હતું.તેમણે કેટલાક હાલના અને નિવૃત્ત જજો પર ભ્રષ્ટાચારનો આક્ષેપ કરતાં તેમની સામે અવમાનનાનો કેસ દાખલ કરાયો હતો.વોરંટ જારી થતાંજ જસ્ટીસ કરનને આક્ષેપ કર્યો હતો કે આ આદેશ આડેઘડ અને મારી કારકીદીનો નાશ કરવા માટે લેવાયેલો છે. આ જાતિનો મામલો છે.એક દલિત જજનો જાહેર ઓફિસમાં કામ કરવાથી અટકાવવામાં આવી રહ્યો છે.

આ આક્ષેપોના જવાબમાં સુપ્રીમકોર્ટના સિનિયર વકીલ રામ જેઠમલાણીએ કહ્યુ હતું કે ભ્રષ્ટાચારથી ખદબદતા આ દેશમાં આપણું ન્યાયતંત્ર જ એકમાત્ર રક્ષણ છે.તેનો નાશ ન કરો અથવા નબળું ન બનાવો. એક વકીલ તરીકે મે આખી જીંદગી પછાત વર્ગો માટે જ કામ કર્યુ છે.પરંતુ તમે તેમના હિતોને મોટામાં મોટું નુકસાન કરવા જઈ રહ્યા છે.આમ જેઠમલાણીએ જસ્ટીસ કરનને ખુલ્લો પત્ર લખીને તેમની ટીકા કરી હતી. તેમણે કહ્યુ હતું કે મને ખાતરી થઈ છે કે તમારુ મગજ ચસકી ગયું છે અને હવે તમારી પાસે બચાવ માટે એ જ એકમાત્ર હથિયાર બચ્યું છે. પરંતુ તેમાં પણ તેમે સફળ થાવ તેવી શક્યતા નથી.

જો કે હવે સુપ્રીમ કોર્ટ કેવા પગલાં લે છે તે પર જસ્ટીસ કરનનનો આધાર રહેલો છે.રામે પોતાનો પ્રયત્ન કર્યો


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧


## દેશની ગામડામાં રહેતી ૬૭ ટકા વસ્તી માટે સ્વચ્છ અને સુરક્ષિત પાણી મળવું કઠિન બાબત છે

આઝાદી આવ્યાને દાયકાઓ વીતી ગયા પરંતુ આ દેશની જનતાને રોટી,કપડાં અને મકાનની અછત પુરેપુરી પુરી થઈ શકી નથી.દેશની ૬૭ ટકા વસ્તી ગામડાઓમાં વસે છે. તેમને માટે પીવાનું સ્વચ્છ અને સુરક્ષિત પાણી મેળવવું કઠિન બાબત છે.વર્ષ ૨૦૧૬માં આવેલા એક અહેવાલ મુજબ પાણીની ગુણવત્તાને ધ્યાનમાં રાખીએ તો વિશ્વના ૧૨૨ દેશોમાંથી ભારતનુ સ્થાન ૧૨૦માં ક્રમે હતું.જ્યારે પાણીની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીએ તો ૧૮૦ દેશોની યાદીમાં ભારત ૧૩૩માં ક્રમે છે.ગ્રામીણ વિસ્તારોમાં ફકત સાત ટકા લોકોને જ સ્વચ્છ પાણી મળે છે.આ વિસ્તારોમાં ફક્ત એક તૃતીયાંશ ઘરોમાં જ પાઈપલાઈનથી પાણી પહોચે છે.

દેશના લગભગ ૮૩ કરોડ લોકો ગ્રામીણ વિસ્તારોમાં રહે છે.કુલ વસ્તીના આ ૬૭ ટકા વસ્તી થાય છે.આ વસતીમાંથી ૬.૩૦કરોડ લોકોને સ્વચ્છ પાણી મળતું નથી.આ સંખ્યા એટલે યુકેની વસ્તી જેટલી થઈ જાય છે. દુનિયાભરના ૬૬ કરોડ લોકો સ્વચ્છ પાણી વગર જીવે છે.જેમાંથી ૫૦ કરોડ લોકો તો ગામડામાં રહે છે.વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા જણાવાયુ હતું કે દેશમાં દર વર્ષે લગભગ ૪ કરોડ લોકો પાણીમાંથી થતા રોગોનો શિકાર બને છે.જેમાંથી ૭૫ ટકા તો માત્ર બાળકો જ હોય છે.

આંકડાની દષ્ટિએ વિચારીએ તો દુનિયાની દરેક ૧૦ તરસી વ્યક્તિ ભારતના ગામડાની છે. આંતરરાષ્ટ્રીય એનજીઓ વોટરએડના હેવાલ મુજબ દુનિયામાં વધતી જતી વસ્તી અને બદલાતાં હવામાનને કારણે લોકોને સ્વચ્છ પાણીની અછતનો સામનો કરવો પડી રહ્યો છે.વર્ષ ૨૦૫૦ સુધી દુનિયાની ૪૦ ટકા વસતી પાણીની ગંભીર સમસ્યાનો સામને કરવો પડશે.દુનિયાની વસ્તી ૨૦૩૦માં ૮૫૦ કરોડની થવાની સંભાવના છે.૨૦૫૦માં વસ્તી ૯૭૦ કરોડની થઈ જશે.વસ્તીમાં થતા વધારાનો સૌથી વધુ પ્રભાવ વિકાસશીલ દેશો પર પડશે.પાણીની માંગ વધશે પુરવઠો સ્થિર રહેશે.

કેટલાક લોકોએ ભવિષ્યકથન ભાખ્યા છે આવનારા દિવસોમાં પીવાના પાણીને લીધે યુધ્ધો પણ થઈ શકે છે.

## સંજય લીલા ભણસાલીની ઐતિહાસિક ફિલ્મ 'પદ્માવતી'નો સેટ તોડી નંખાયો

અભિવ્યક્તિની સ્વતંત્રતા નામશેષ થવા જઈ રહી છે.ભારતીય સંવિધાનમાં મળેલી આઝાદી કેટલાક તત્વો છીનવી રહ્યા છે.જાણીતા ફિલ્મ ડિરેકટર સંજય લીલા ભણસાલીની ઐતિહાસિક ફિલ્મ' પધ્માવતી'ને હિંસાનું ગ્રહણ લાગ્યુ છે.જયપુરમાં રાજપુતોની કરણી સેનાએ આ ફિલ્મના શુટિંગમાં તોડફોડ કરીને હાહાકાર મચાવ્યો હતો તેના એક મહિના બાદ કોલ્હાપુરમાં ફિલ્મના સેટને આગ ચાંપી દેવામાં આવી હતી.કોલ્હાપુર જિલ્લાના મ્હાસાઈ પથારમાં વહેલી સવારે કોઈ અજાણ્યા માણસોએ ફિલ્મનો સેટ તોડી નાંખ્યો હતો.આ ફિલ્મમાં ઉપોયગમાં લેવાનાર ઘોડાઓ માટે જે ઘાસ અને અન્ય ખોરાક રખાયો હતો તે અને કોશ્યુમને પણ ભારે પ્રમાણમાં નુકશાન પહોચાડાયું હતું. આ ઘટનાની ગંભીરતા પછી પોલીસે ફિલ્મના સભ્યોને સુરક્ષા પુરી પાડી હતી. મહારાષ્ટ્રના ગૃહમંત્રી દીપક કેસરકારે કહ્યુ હતું કે દીપીકા પદુકોણ અને રણવીરસિંહને ચમકાવતી આ ફિલ્મનું શુટીંગ રાતે એકથી બેની વચ્ચે મ્હાસાઈ પથારમાં ચાલી રહયુ હતું ત્યારે ૨૦ જેટલા અજાણ્યા લોકો ધસી આવ્યા હતા અને તેમણે કોશ્યુમ અને ઘોડાને નિરવાના ખોરાકને આગ લગાડી દીધી હતી.શુટિંગ વખતે ક્રુ સભ્યોએ બે જણને પકડી લીધા હતા પણ બાકીનાઓએ તેમની પર હુમલો કરીને તેમને છોડાવી દીધા હતા.

પધ્માવતી ફિલ્મનુ શુટીંગ છઠ્ઠી માર્ચથી શરુ થયું હતું અને ૨૦માર્ચે ખતમ થવાનુ હતું.તોફાનીઓએ સેટ પરના બ પાંડાલો પર પણ આગ લગાવી હતી.પોલીસે એ વાતની તપાસ કરી રહી છે કે તોડફોડ કરનારાઓ સ્થાનિક યુવકો હતા કે બહારથી આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ જયપુરમાં આ ફિલ્મના સેટ પર હુમલો કરાયો હતો અને તે વખતે ફિલ્મના ડિરેકટર ભણસાલીની સાથે હાથપાઈ પણ થઈ હતી.વારંવાર બનતી ઘટનાઓના મામલે સરકારે કડક કાર્યવાહી કરવાની જરુર છે.

## સમાજના ચોક્કસ કોઇ વર્ગ કે જે હિન્દુત્વની વિચારધારમાં માને છે તેમને ખુશ કરવા સરકારે એનીમી પ્રોપર્ટી બિલ પસાર કર્યું

સંસદમાં એનીમી પ્રોપર્ટી એક્ટમાં સંશોધન કરતું બીલ ધ્વની મતથી પસાર થઈ ગયું છે. આ બિલથી અનેક પરિવારોને અસર થશે.માત્ર ઉત્તરપ્રદેશની જ વાત કરીએ તો ત્યાં ઓછામાં ઓછી ૧૫૧૯ સંપત્તિઓ એવી છે જેનો માલિકી હક્ક આ બિલ પાસ થવાથી પ્રભાવિત થશે.સૌથી વધુ અસર મહેમુદાબાદના રાજ પર પડશે.તેમના પિતા અમિર અહમદ ખાન ૧૯૫૭માં પાકિસ્તાન ચાલ્યા ગયા હતા પણ તેમના પત્ની અને પુત્ર ભારતમાં જ રહ્યા હતા. મહેમુદાબાદના રાજા પાસે ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં લગભગ ૯૩૬ સંપત્તિઓ છે.નવું સંશોધિત બિલ પાસ થયા પછી તેમના પરિવારનો આ સંપત્તિઓ પરથી હક્ક ખતમ થઈ જશે. કેટલાક અહેવાલોમાં કહેવામાં આવ્યુ છે કે સૈફ અલી ખાન અને તેના પરિવારની ભોપાલમાં જે સંપત્તિ છે તેના પર પણ અસર થઈ શકે છે.પટૌડી પરિવારના વકીલે જો કે આ સંભાવના અંગે કહ્યુ હતું કે તેમના ક્લાયન્ટના દાવા પર આ બિલની કોઈ અસર પડશે નહી.

નવો કાયદો અમલમાં આવ્યા પછી તમામ એનીમી પ્રોપર્ટીનું નિયત્રણ કેન્દ સરકાર દ્વારા નિયુક્ત સંરક્ષકો પાશે ચાલ્યુ જશે.પુર્વજોની મિલકત પર પરિવારના વારસોનો અધિકાર ખતમ થઈ જશે. ઉત્તરપ્રદેશની ૧૫૧૯ શત્રુ સંપત્તિઓમાંથી ઓછામાં ઓછી ૬૨૨ એવી છે જેને સંરક્ષકોના હવાલે કરી દેવાઈ છે.૮૯ સંપત્તિઓ એવી છે કે જેના સંરક્ષકોની નિયુક્તિની પ્રક્રિયા ચાલી રહી છે.

મહેમુદાબાદના રાજવી પરિવારને વર્ષ ૨૦૦૫માં સુપ્રીમ કોર્ટના એક આદેશ પછી તેમની અનેક સંપત્તિઓ સોપી દેવાઈ હતી. આ માટે રાજ પરિવારે લાંબી કાયદાકીય લડત આપી હતી. ત્યાર પછી ૨૦૧૦માં એનીમી પ્રોપર્ટી વટહુકમ જારી થયા પછી ફરી તેમની સંપત્તિઓનો અધિકાર સરકાર સંરક્ષક પાસે ચાલ્યો ગયો છે.રાજ પરિવારે ફરી કોર્ટનું શરણું લીધું છે. અને આ વટહુકમને ભારતીય બંધારણના મુળભુત અધિકારોની વિરુધ્ધ ગણાવ્યો છે. આ રાજપરિવાર કાજી નસરુલ્લાહનો વંશજ માનવામાં આવે છે.નસરુલ્લાહ બગદાદના ખલીફાના મુખ્ય કાજી હતા.ત્યારબાદ તેઓ મુહમ્મદ તુઘલકની સેનામાં કમાન્ડર તરીકે લડ્યા હતા.તેમને અવધમાં ઈનામ તરીકે મોટી જાગીર આપવામાં આવી હતી.

આ બિલ અંગે રાજા તરફથી જે પ્રતિક્રીયામાં કહેવામાં આવ્યુ છે કે સરકારને આ બિલ પસાર કરવાની ઉતાવળમાં હતી તેનો મકસદ સમાજના એક વર્ગને ખુશ કરવાનો છે. સમાજનો એક વર્ગ કે જે ખાસ પ્રકારની હિદુત્વની વિચારધારા ધરાવે છે.જેઓ આવું કરવા કરાવવા માટે સરકાર પર દબાણ કરતા રહે છે.જો કે મહદઅંશે જનતા આ વિચારોથી સંમત નથી.

(સૌ.ન.ગુ.સ)

# યુએન દ્વારા વિશ્વના ૧૮૮ દેશોનો હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ જાહેર કરાયો તેમાં પ્રથમ સવાસોમાં આપણુ ભારત નથી

## મતલબ એ થાય છે કે બેહતર માનવ જિંદગીની રીતે આપણું સ્થાન વિશ્વના પ્રથમ સવાસો રાષ્ટ્રમાં નથી. આ તે કેવો વિકાસ !

તાજેતરમાં જીડીપીના આંકડા બહાર આવ્યા ત્યારે નોટબંધીની તેના પર માઠી અસર નહી પડી હોવાનું તેમાં પ્રતિબંધિત થતાં સરકારી વાજાઓએ હરખના સુર છેડ્યા હતા.આ આંકડાઓ ટાંકી ટાંકી નોટબંધીની ટીકાકારોના મોઢા બંધ કરવા પ્રયાસ થયો હતો. ખેર, આ એ જીડીપીના આંકડામાં સત્ય કેટલું અને વ્યવસ્થાપન કેટલું એ મુદ્દો હજુ ચર્ચાની એરણ પર છે. ત્યાં યુનાઇટેડ નેશન્સ દ્વારા એવા આંકડા આવ્યા છે જેની સરકાર ગાઇ વગાડીને ચર્ચા કરવાના મુડમા નહીં હોય. યુએન દ્વારા વિશ્વના ૧૮૮ દેશોનો હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ જાહેર કરાયો છે.તેમાં ભારતનું સ્થાન ૧૩૩મું છે.મતલબ બેહતર માનવ જિંદગીની રીતે આપણું સ્થાન વિશ્વના પ્રથમ સવાસો રાષ્ટ્રોમાં પણ નથી.આ આંકડા જાણ્યા પછી સહેજે કોઇ એવો ઉદ્ગાર કાઢી બેસે કે આ તે કેવો વિકાસ ! જો કે આ આંકડા મ્ટે હાલની કે તેની તુરત પુરોગામી સરકારોને દોષપાત્ર ઠરાવાય એમ નથી.આ આઝાદી પછી આપણે અગ્રતાઓ નક્કી કરવામાં ખાધેલી ધોબીપછાડનું પરિણામ છે.વિકાસ એટલે માત્ર ભૌતિક વિકાસ કે ઔદ્યોગિક વિકાસ એવી ભુલભરેલી વ્યાખ્યાને કમનસીબે અત્યાર સુધીની સરકારો પણ અનુસરતી રહી છે.વિકાસને માનવીય ચહેરો આપવાની વાતો પણ પાછલા દાયકામાં બહુ ચર્ચાઇ પરંતુ તેનો ભાગ્યે જ અમલ થયો.બીજું કે વિકાસના માનવીય ચહેરાની વાત કરવા જતાં ક્યારે આપણી સરકારી રાહતો અને લ્હાણીઓના લોકરંજક પગલામાં સરી પડે છે તેનો ખ્યાલ નથી રહેતો.શિક્ષણ અને આરોગ્ય જેવી મુળભુત બાબતોની આપણે ત્યાં શરુઆતથી ઘોર અવગણના થઇ.શિક્ષણની બાબતમાં એવું મોડલ અપનાવાયું કે સરકારે ઉચ્ચ શિક્ષણ પાછળ ધુમ ખર્ચા કર્યો અને સંઘેડાઉત્તાર સ્નાતકો પેદા કરતી કોલેજોનો ફેલાવો ચાલુ કર્યો.પરંતુ પાયાના શિક્ષણ માટે મહત્વના એવા પ્રાથમિક શિક્ષણની ઘોર અવગણના થઇ.રહીરહીને વર્ષો પછી રાઇટ ટુ એજ્યુકેશનનો કાયદો આવ્યો પરંતુ એના અમલમાં હજુ પણ લગભગ તમામ રાજ્યોની સરકારો ખતાં ખાય છે.સરકારી પ્રાથમિક શાળાઓની જેમજ સરકારી દવાખાનાઓની હાલત પણ બદતર જેવી છે.સરકારે સિફતપુર્વક આ બે ક્ષેત્ર ખાનગી સેકટરને હવાલે કરી દીધા અને પરિણામે આ બંને સામાન્ય માણસની પહોચ બહાર જતાં રહ્યા છે.હાલના વિકાસ મોડલને પણ ટકાઉ બનાવવું હોય તો માનવ વિકાસ પર ફોકસ કર્યા સિવાય છુટકો નથી. જો આ બાબતે લગીરે ચિંતા કરવ ાની દરકાર ના સેવાતી હોય તો એટલા પરતું પણ આ સરકાર વાંકમાં આવશે ખરી.

# વડાપ્રધાનના સ્વચ્છતા અભિયાનને યુપીમાં આગળ ધપાવવા મુખ્યમંત્રીના આદેશો

ઉત્તરપ્રદેશમાં તમામ સરકારી ઓફીસો અને બિલ્ડીંગોમાં પાન-મસાલા,ગુટખા અને પોલીથી બેગ્સ તેમજ પ્લાસ્ટીકનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.વડાપ્રધાન મોદીના સ્વચ્છતા અભિયાને આગળ ધપાવવા અધિકારીઓને આદેશ આપવામાંઆવ્યો છે.સરકારી અધિકારીઓને તેમજ સચિવોને તમામ સ્થળોએ સ્વચ્છતા જાળવવા માટે ફરમાન કરાયું છે.તમામ કર્મચારીઓએ ઢીલા ફોર્મલ કપડાં પહેરવા આદેશ અપાયો છે.તમામ પોલીસ ચોકીઓ પર સ્વચ્છતા રાખવાના આદેશો અપાયા છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ગુજરાતને ફુડ એક્ટનો અમલ ન કરતાં સુપ્રીમ કોર્ટે સમન્સ પાઠવ્યો



નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટનો અમલ કરવામાં નિષ્ફળ જતાં ગુજરાત,આંધ્રપ્રદેશ,કર્ણાટક,મહારાષ્ટ્ર સહિત દુકાળથી અસર પામેલા ૯ રાજ્યોના ચીફ સેક્રટરીઓને સુપ્રીમ કોર્ટે સમન્સ પાઠવ્યા છે.જસ્ટીસ મદન બી લોકુરની બનેલી બેન્ચે કહ્યુ કે આ કાયદો અમલમાં આવ્યો તે પછી ઘણો સમય વીતી ગયો હોવા છતાં આ રાજ્યોમાં તેનો અમલ કરાયો નથી.સંસદીય કાયદાને રાજ્યો મહત્વ આપતાં નથી તે અત્યંત ગંભીર બાબત છે.કારણકે તેમાં બંધારણના આર્ટિકલ ૨૧ (વ્યક્તિગત આઝાદી અને જીવનની સુરક્ષાના અધિકાર)નો પણ ભંગ થાય છે.

નેશનલ ફુડ સિક્યોરીટી એક્ટ અંતગર્ત સેકશન ૧૬ હેઠળ સ્ટેટ ફુડ કમિશનની પણ રચના આ રાજ્યોમાં કરવામાં આવી નથી. તેમ જસ્ટીસ એન.વી.રામન્નાએ કહ્યુ હતું. આ સંદર્ભે રાજ્યોન ા ચીફ સેક્રટરીઓને સમન્સ પાઠવવામાં આવી રહ્યા છે.જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીની નિમણુંક અંગેની માહિતી પણ તેમણે આપવાની રહેશે.

સુપ્રીમ કોર્ટે આ અંગે સોશ્યલ ઓડિટ કરવું જોઇએ કે કેમ તે અંગેના નિર્દેશો પણ રાજ્યો પાસેથી માંગ્યા છે. ગુજરાત,કર્ણાટક, આંધ્રપ્રદેશ, ઉપરાંતા મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઝારખંડ, બિહાર, હરિયાણા, અને છત્તીસગઢના ચીફ સેક્રટરીઓને પણ સમન્સ પાઠવવામાં આવ્યા છે. કોર્ટે ઓડીશાના ચીફ સેક્રટરીને આમાંથી મુક્તિ આપી છે કેમકે તેમણે કેટલાક નિર્દેશો પાળી બતાવ્યા છે.દુકાળગ્રસ્ત રાજ્યોના ખેડુતોને સહાય મળી રહે તે હેતુથી સ્વૈચ્છીક સંગઠન સ્વરાજ અભિયાન દ્વારા કરવામાં આવેલી અરજીને પગલે સુપ્રીમે આદેશ કર્યો હતો.

# આધાર કાર્ડ ટુંક સમયમાં તમામ ઓળખકાર્ડનું સ્થાન લેશે : અરુણ જેટલી

આધાર કાર્ડ ટુંક સમયમા તમામ ઓળખકાર્ડનુ સ્થાન લેશે. વોટર આઇડી તથા પાનના સ્થાને પણ આધાર કાર્ડ આવી જશે તેમ નાણાંમંત્રી અરુણ જેટલી લોકસભામાં કહ્યુ હતું.નાણાપ્રધાન ફાઇનાન્સ બિલ પરની ચર્ચાનો જવાબ આપતાં કહ્યુ હતું કે જેમાં વિવિધ કાયદામાં ૪૦ સુધારાઓનો પણ સમાવેશ થાય છે.તથા તેમાં આગામી જુલાઇથી ઇન્કમટેક્ષ રિટર્ન ભરવા માટે તથા પર્મેનેન્ટ એકાઉન્ટ નંબર મેળવવા માટે આધારને ફરજીયાત બનાવવાની બાબતનો સમાવેશ થાય છે. યુનિક આઇડેન્ટિફિકેશન નંબર આધાર કદાચ ભવિષ્યમાં એકમાત્ર ઓળખકાર્ડ બની શકે તેમ તેમણે જણાવ્યુ હતું.તેમણે કહ્યુ હતું કે એક તબક્કો કદાચ આવી શકે કે જ્યારે



યુનીક આઇડેન્ટીટી કાર્ડ(આધાર) કદાચ એક માત્ર કાર્ડ બની શકે.એવા ઘણા દેશો છે કેજ્યાં આવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે. અમેરિકામાં સોશ્યલ સિક્યોરીટી નંબર છે અને ભારતમાં આધાર તે કામ કરી શકે છે.આજે સરકાર આધારને આધાર બનાવવાની વાત કરે છે જેમણે ભુતકાળમાં તેને કેન્સલ કરવા સુધીની જાહેરાતો કરી હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૯૮૬૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.